# ૨૫ એપ્રિલ -૨૦૧૬ (સોમવાર)

■ **'જળ સત્યાગ્રહ' - અભિયાન :**

- વર્તમાનપત્ર દિવ્યભાસ્કર દ્વારા આજ ૨૫ એપ્રિલથી 'જળ સત્યાગ્રહ - જળ છે તો કાલ છે ' અભિયાનની શરૂઆત કરાઇ
- આ અભિયાનનો હેતુ માત્ર ભવિષ્ય માટે પાણી બચાવાનો છે.
- નાગરિકોને પાણીનું મહત્વ સમજાય એ માટે આ અભિયાન અંતર્ગત દરરોજ લેખ હશે.

■ **સંદીપ તોમર - રેસલર :**

- ભારતીય રેસલર સંદિપ તોમરે ફસ્ટે વર્લ્ડ ઓલિમ્પિક્સ ક્વૉલિફાઇંગ ટુર્નામેન્ટમાં બ્રોન્જ મેડલ જીતવાની સાથે આગામી રિયો ઓલિમ્પિક્સમાં ક્વૉલિફાઇ કરી લીધું છે.
- સંદીપ રિયોમાં ક્વૉલિફાઇ થનાર ભારતનો ચોથો રેસલર છે.
- એ પહેલા ૬૫ કિગ્રા ફ્રી સ્ટાઇલમાં યોગેશ્વર દત્ત, ૭૪ કિગ્રા ફ્રી સ્ટાઇલમાં નરસિંહ યાદવ અને ૯૮ કિગ્રા ફ્રી સ્ટાઇલમાં નરસિંહ યાદવ અને ૯૮ કિગ્રા વજન વર્ગમાં હરદીપસિંહ ક્વોલિફાઇ થઇ ચુક્યા છે.
- જ્યારે સંદીપ તોમરે ૫૭ કિગ્રા ફ્રિ સ્ટાઇલ કુસ્તીમાં ક્વૉલિફાઇ કર્યુ છે.

**બ્રિટનના ટોચના ધનવાનોની યાદીમાં ભારતીય મૂળના રૂબીન ભાઈઓ પ્રથમ :**

- 'ધ સન્ડે ટાઇમ્સ ' દ્વારા ૨૦૧૬ની ટોચના ધનવાનોની યાદી પ્રસિદ્ધ કરવામાં આવી.
- આ યાદીમાં ભારતીય મૂળના ડેવીડ અને સાયમન રૂબીન ભાઇઓ પ્રથમ સ્થાને છે.
- અન્ય ભારતીયો :

| ક્રમ | નામ |
|---|---|
| ૨ | શ્રીચંદ અને ગોપીચંદ હિન્દુજા ભાઇઓ |
| ૧૧ | લક્ષ્મી મિત્તલ |
| ૧૫૪ | સ્વરાજ પૌલ પરિવાર |

પ્રશ્નો

(૧) ક્યાં વર્તમાન પત્ર દ્વારા 'જળ સત્યાગ્રહ' અભિયાનની શરૂઆત કરાઇ ?
- દિવ્ય ભાસ્કર

(૨) સંદીપ તોમર કઇ રમત સાથે સંકળાયેલ છે ?
- રેસલર

(૩) ઓલિમ્પિક્સમાં ક્વૉલિફાઇ કરનાર સંદીપ ભારતનો કેટલામો રેસલર બન્યો ?
- ચોથો

(૪) બ્રિટનના ટોચના ધનવાનોની યાદીમાં પ્રથમ સ્થાને ક્યાં મૂળ ભારતીયને સ્થાન મળ્યું છે ?
- ડેવિડ અને સાયમન રૂબીન ભાઇઓ

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧